PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/કવા–૦૧/૧૭–૧૮/ ૪૦૬૪ તા. ૧૬/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**કરમુર નાથીબેન ખીમા ભાયા,**
**ગામ: જામદેવળીયા,**
**તા. કલ્યાણપુર**
**જી. દેવભુમી દ્વારકા**

**વિષય :–સર્વીસ કેબલ બદલી આપવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૭/કવા–૦૧/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**( કે. ડી. વીરડીયા )**
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨ )**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૭/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: કરમુર નાથીબેન ખીમા ભાયા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)**

---

## : હુકમ :

**ફરીયાદ : સર્વીસ કેબલ બદલી આપવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નો સર્વિસ કેબલ, જે બળી ગયેલ હોવાના કારણોસર, તેઓ શ્રી ના જોડાણ નો વીજપુરવઠો બંધ થયેલ છે. જેથી, સર્વિસ કેબલ બદલવાની તેઓ શ્રી એ તા.૨૨–૦૨–૧૭ ના રોજ લેખીત અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી એટલેકે, લગભગ ૨.૫ માસ સુધી સર્વિસ કેબલ બદલવાની કામગીરી, પીજીવીસીએલ દ્વારા કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૫૭૨૦/૦૧૫૦૪/૩ નો સર્વિસ કેબલ, જે બળી ગયેલ હોવાના કારણોસર ની અરજદાર શ્રી ની રજુઆત ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, તા.૧૨–૦૫–૧૭ ના રોજ, સદર જોડાણ નુ મીટર તેમજ કેબલ બન્ને, જે ૫ર્ફોમા –૧૫ નંબર: ૫૯૭૩ થી બદલાવી અને તે મુજબ નવુ મીટર તથા નવો કેબલ, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, અને અરજદાર શ્રી ના તા.૧૨–૦૫–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ બદલવી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, ખાસ કરીને, તેઓ શ્રી ના જોડાણ ના, '' મીટર તેમજ કેબલ '' બદલાવવાની કામગીરી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ તા.૧૨–૦૫–૧૭ ના રોજ સંપન્ન થતા, અરજદાર શ્રી ના તા.૧૨–૦૫–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના તા.૧૨–૦૫–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ,પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.